જમીન મહેસૂલ કાયદાનીકલમ-
૧૩૫-ડી ની નોટીસની લેખિત
ખબર તાલુકાના ઇ-ધરા કેન્દ્ર
ખાતેથી રજી.પો.એ.ડી.દ્વારા
કરવા બાબત.

ગુજરાત સરકાર
મહેસૂલ વિભાગ
પરિપત્ર ક્રમાંક-હકપ-૧૦૨૦૦૭-૯૧૬-જ
સચિવાલય,ગાંધીનગર.
તા. 29 JUN 2011

સંદર્ભ:- (૧) મહેસૂલ વિભાગનો તા.૨૧/૩/૨૦૦૭નો સરખાં ક્રમાંકનો પરિપત્ર.
(૨) મહેસૂલ વિભાગનો તા.૨૪/૩/૨૦૦૮નો સરખાં ક્રમાંકનો પરિપત્ર.

<u>પરિપત્ર:-</u>

મહેસૂલ વિભાગના સંદર્ભ (૧)માં દર્શાવેલ પરિપત્રથી જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૩૫-ડી ની નોટીસની લેખિત ખબર સબંધિત ઇ-ધરા કેન્દ્ર ખાતેથી યુ.પી.સી.(અન્ડર પોસ્ટલ સર્ટીફિકેટ)થી સબંધિતોને આપવા માટે સૂચના આપવામાં આવેલ છે.તેમજ સંદર્ભ (૨) માં દર્શાવેલ પરિપત્રથી આવો યુ.પી.સી.નો ખર્ચ જે તે કલેકટર કચેરી માટે ટપાલ ખર્ચ માટે કરવામાં આવેલ જોગવાઇ હેઠળ કન્ટીજન્સી ખર્ચ ખાતે ઉધારવા અંગે સૂચના આપવામાં આવેલ છે.

૨. પોસ્ટ વિભાગ દ્વારા યુ.પી.સી. સેવાઓ બંધ કરવામાં આવેલ છે.જેથી કલમ-૧૩૫-ડી હેઠળની નોટીસો બજાવવાની પ્રવર્તમાન જોગવાઇ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

૩. સરકારશ્રીએ કાળજીપૂર્વકની વિચારણા કરીને હવે જ્યારે પોસ્ટ વિભાગ દ્વારા યુ.પી.સી.સેવાઓ બંધ કરવામાં આવેલ છે.તે બાબત ધ્યાને લઇને જમીન મહેસૂલ કાયદાની કલમ-૧૩૫-ડીની નોટીસની બજવણી રજી.પો.એ.ડી.મારફત બજાવવાની થાય છે તેવો નિર્ણય કરેલ છે.જે મુજબ હવે કલમ-૧૩૫-ડી હેઠળની નોટીસ ઇ-ધરા કેન્દ્ર મારફત રજી.પો.એ.ડી.થી બજાવવામાં આવે તેવી સબંધિતોને સૂચના આપવા આથી સર્વે કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે.

૪. હવે આ અંગેનો ખર્ચ ઇ-સેવા સોસાયટી હસ્તકના ઇ-ધરા ફંડમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એ.સંઘરીયાત)
ઉપ સચિવ
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.

પ્રતિ,

- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

(P.T.O.)

- સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ
- સર્વે તાલુકા મામલતદારશ્રીઓ
- માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ)ના અંગત સચિવશ્રી.સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી (જ.સુ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- જમીન સુધારણા કમિશ્નરશ્રીની કચેરી, સચિવાલય,ગાંધીનગર.
- મહેસૂલ તપાસણી કમિશ્નરશ્રીની કચેરી,સચિવાલય,ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામકશ્રી,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (વિવાદ)ની કચેરી,પોલીટેકનીક કમ્પાઉન્ડ,આંબાવાડી,અમદાવાદ.
- રજીસ્ટ્રારશ્રી,ગુજરાત મહેસૂલ પંચ,લાલ દરવાજા,અમદાવાદ.
- મહેસૂલ વિભાગની તમામ શાખાઓ.
- સિલેકટ ફાઇલ.
-